# ગુજરાત સરકાર

**રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ભાવનગરમાં પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની માનદ સેવાઓ આમંત્રિત કરવા અંગે**

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની ભાવનગર જીલ્લાની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ભાવનગરમાં ૧.ઈલેક્ટ્રીકલ ૨.મીકેનીકલ ૩.ઓટોમોબાઈલ ૪.સિવિલ ૫.જનરલ ગ્રુપ(સ્ટેનો ગુજરાતી,સ્ટેનો ઈંગ્લીશ, હેલ્થ&સેનેટરી ઇન્સ્પેકટર) માં સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થારૂપે પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની માનદ સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. પિરીયડ દીઠ રૂ. ૭૫/- લેખે મહત્તમ દૈનિક પિરીયડ ૬ કલાક લેખે મહત્તમ દૈનિક માનદ વેતન રૂ. ૪૫૦/- નાં દરે માસિક રૂ. ૧૩૫૦૦/- થી વધુ નહિ તે રીતે માનદ વેતન ચુકવવામાં આવશે. ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત અનુભવ સાથેની વિગતવાર અરજી તથા તમામ આધારભૂત પુરાવાઓ રજુ કરવાના રહેશે. અરજી ફોર્મમાં સંપર્ક નંબર આપવો ફરજીયાત રહેશે. લાયકાતના ધોરણે NCVT/GCVT/ટ્રંકાગાળા દ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સિલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ રહેશે. આથી લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે સંસ્થાઓનો સંપર્ક કરવા વિનંતી.CITS પાસ ઉમેદવારોને મેરીટમાં પ્રાધાન્ય આપવામાં આવશે. આ સંપૂર્ણ પ્રકિયા મેરીટ આધારિત રહેશે. પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર તરીકે આવનાર ઉમેદવારોનો કોઈ અન્ય સેવા વિષયક હક્કદાવો રહેશે નહિ તે મુજબનું લેખિતમાં એફિડેવિટથી બાંહેધરી પત્ર આપવાનું રહેશે. સંસ્થાવાઈઝ/ટ્રેડવાઈઝ પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની માનદ સેવાઓ લેવા અંગેની વધુ વિગતો ઔદ્યોગિક તાલીમ સંસ્થા ભાવનગરની વેબસાઈટ www.itibhavnagar.org ઉપર ઉપલબ્ધ બનશે તથા ફોન નંબર ૦૨૭૮-૨૪૨૪૩૧૬ ઉપર સંપર્ક કરવાથી મેળવી શકાશે. પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની અરજીનો નમુનો આ સાથે વેબ સાઈટ ઉપર મુકેલ છે. જે ડાઉનલોડ કરી જરૂરી પ્રમાણપત્રો સેલ્ફ એટેસ્ટેડ કરી સાથે બીડાણ કરવાના રહેશે.

૧. સંસ્થામાં રૂબરૂ અરજી આપવાની તથા ટપાલ અથવા રજી.એડી. થી પહોંચાડવાની છેલ્લી તા. ૧૫/૦૯/૨૦૧૮

૨. રૂબરૂ મુલાકાતનું સ્થળ/સરનામું : આચાર્યશ્રીની કચેરી,
ઔદ્યોગિક તાલીમ સંસ્થા, બી.પી.ટી.આઈ. પાછળ, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨

૩. સ્વખર્ચે રૂબરૂ મુલાકાતની તા. ૨૪/૦૯/૨૦૧૮

૪. રૂબરૂ મુલાકાતનો સમય : સવારના ૧૧.૦૦ કલાકે

**આચાર્ય**
**નોડલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા**
**ભાવનગર**